# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવસારીમાં લખપતિ દીદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
2. **આજે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ, પ્રધાનમંત્રીએ આ દિવસને નારીશક્તિની સિદ્ધિઓને ઉજવવાનો પ્રસંગ ગણાવ્યો.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી 2 દિવસ રાજ્યના પ્રવાસે.**
4. **લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે.**
5. **મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં ગુજરાત જાયન્ટ્સે દિલ્હી કૅપિટલ્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો.**

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM LAKHPATI DIDI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવસારી જિલ્લાના વાંસીબોરસી ગામમાં લખપતિ દીદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. શ્રી મોદી લખપતિ દીદીઓ સાથે સંવાદ પણ કરશે. દરમિયાન તેઓ પાંચ લખતપિ દીદીઓને લખપતિ દીદી પ્રમાણપત્રથી સન્માનિત કરશે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ અશોક પટેલ, પ્રતિનિધિ, નવસારી)

શ્રી મોદી રાજ્ય સરકારના કાર્યક્રમ જી-સફલ એટલે કે, આવક વધારવા માટે અંત્યોદય પરિવારોની ગુજરાત યોજના અને જી-મૈત્રી એટલે કે, ગ્રામીણ આવકમાં પરિવર્તન માટે જન-ગુજરાત મૅન્ટરશિપ અને એક્સિલરૅશન કાર્યક્રમનો પણ પ્રારંભ કરાવશે.

# PM MODI ON WOMEN’S DAY

સુરતના લિંબાયતના નીલગિરિ સર્કલ ખાતે ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. દરમિયાન સભાને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ૮૧ કરોડથી વધુ લાભાર્થીઓ સાથે વિશ્વની સૌથી મોટી ખાદ્ય સુરક્ષા યોજના બની

છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય દેશના દરેક પરિવારને પર્યાપ્ત પોષણ પ્રદાન કરીને દેશને એનિમિયા અને કુપોષણથી મુક્ત બનાવવાનું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન શ્રી મોદીએ આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસનો ઉલ્લેખ કરતા આ દિવસ નિમિત્તે તેમનું સોશિયલ મીડિયા એકાઉન્ટનું સંચાલન પ્રેરણાદાયી મહિલાઓ દ્વારા કરાશે. શ્રી મોદીએ મહિલા દિવસને નારીશક્તિઓની સિદ્ધિઓને ઉજવવાનો પ્રસંગ ગણાવ્યો હતો.

અગાઉ, શ્રી મોદીએ સિલ્વાસામાં નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. તેમણે સિલ્વાસામાં 2 હજાર 587 કરોડ રૂપિયાના 62 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો, જેમાં વિવિધ ગામડાના રસ્તાઓ, શાળાઓ, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો, પંચાયત અને વહીવટી ઇમારતો, આંગણવાડી કેન્દ્રો, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.

# INTERNATIONAL WOMENS DAY

આજે આઠ માર્ચે, ‘દરેક મહિલાઓ અને બાળકીઓ માટે અધિકાર, સમાનતા અને સશક્તિકરણ’ની વિષયવસ્તુ સાથે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યનાં વિવિધ મહિલાઓની સિદ્ધિ પર એક નજર કરીએ..

સુરેન્દ્રનગરનાં પી.ટી. શિક્ષક લાછુબેન પરમારે તાજેતરમાં રાષ્ટ્રીય કક્ષાએ કેરળ ખાતે યોજાયેલી સ્પર્ધામાં હેમર-થ્રોમાં પણ તેમણે સતત પાંચમી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

(બાઈટઃ લાછુબેન પરમાર, સુરેન્દ્રનગર)

બીજી તરફ, સુરેન્દ્રનગરની નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ સંસ્થા દ્વારા આજે વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરાશે. આ અંગે સંસ્થાના સંસ્થાપક રાજેશ રાવલે માહિતી આપી.

(બાઈટઃ રાજેશ રાવલ, સંસ્થાપક)

નવી સ્ટાર્ટ-અપ અને મેંક ઇન ઇન્ડિયાની પહેલ અંતર્ગત વલસાડનાં બિજલબેન દેસાઈએ નવું સાહસ કરીને અન્ય મહિલાઓને પ્રેરણા પૂરી પાડી છે. તેમણે નોકરી છોડી નવું સાહસ કરતાં પાંચ વર્ષમાં છ કરોડ 57 લાખ રૂપિયાનું ટર્ન-ઓવર પ્રાપ્ત કર્યું છે.

(બાઈટઃ બિજલ દેસાઈ, વલસાડ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી 2 દિવસ રાજ્યના પ્રવાસે રહેશે. શ્રી શાહ આજે બપોરે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલી સુગર ફેક્ટરીમાં કોડીનાર અને તાલાળા સુગર મિલોનું પુનરુત્થાન અને આધુનિકીકરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શ્રી શાહ જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

શ્રી શાહ આવતીકાલે પણ અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ અમદાવાદમાં જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાનું, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી વર્ષ 2024-25ના પુનઃમુદ્રિત થઈ રહેલા 24 પુસ્તકોનું વિમોચન કરશે. આ ઉપરાંત શ્રી શાહ એ.ડી.સી. બેંન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનારા સ્વર્ણિમ્ શતાબ્દી મહોત્સવના સમાપન સમારોહમાં, બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા યોજાનારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાથે જ શ્રી શાહ ગાંધીનગરમાં એસ.એ.જી. દ્વારા નિર્માણ પામનારા પેરા-હાઈપર્ફોર્મન્સ સેન્ટરના ભૂમિપૂજન અને ડિજિટલ સેવા પોર્ટલના લોન્ચિંગ કાર્યક્રમમાં જોડાશે. છેવટે શ્રી શાહ શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ અને કવિ કોકિલ વિદ્યાપતિની મૂર્તિના અનાવરણ પ્રસંગમાં ઉપસ્થિત રહેશે.

# RAHUL GANDHI GUJ

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી 2 દિવસના રાજ્યના પ્રવાસે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કર જણાવે છે, શ્રી ગાંધી આજે અમદાવાદમાં એસ. જી. હાઈ-વે પર આવેલા રાજપથ ક્લબ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. દરમિયાન શ્રી ગાંધી તાલુકાથી લઈ જિલ્લા અને શહેર-નગરપાલિકા, પ્રદેશ હોદ્દેદારો સહિતના કાર્યકર્તાઓ સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ઑલ ઇન્ડિયા કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી અને મહામંત્રી કે. સી. વેણુગોપાલે ગઈકાલે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું, શ્રી ગાંધીએ ગઈકાલે પૂર્વ પ્રમુખો, પૂર્વ નેતા વિપક્ષ, પૉલિટિકલ અફેર્સ કમિટી, જિલ્લા-શહેર પ્રમુખો અને વિવિધ સેલના હોદ્દેદારો સાથે સંવાદ કર્યો. શ્રી ગાંધી સાથે યોજાયેલી બેઠકમાં સંગઠનને મજબૂત કરવા અંગે પ્રદેશ, જિલ્લા અને તાલુકા સુધીના ફેરફાર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# AYUSH FAIR

પંચમહાલના ગોધરા ખાતે આજે સાંસદ જસવંતસિંહ પરમારના અધ્યક્ષસ્થાને આયુષ મેળો યોજાશે. દરમિયાન આયુષ અંગેની માહિતી – માર્ગદર્શન તથા આયુવેદ અને હોમિયોપેથિક પધ્ધતિથી નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ યોજાશે.
આ સાથે યોગ, વનઔષધિ, ઘરગથ્થુ ઔષધિઓનું પ્રદર્શન પંચકર્મ સારવારનું નિદર્શન કરશે. વાવડી બૂઝર્ગ ખાતે સવારે સાડા નવ થી બપોરે બે વાગ્યા સુધી યોજાનાર આ મેળાનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરાયો છે.

# WPL

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં ગુજરાત જાયન્ટ્સે દિલ્હી કૅપિટલ્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો હતો. ઉત્તરપ્રદેશના લખનૌમાં ગઈકાલે રમાયેલી આ મૅચમાં દિલ્હી કૅપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને જીતવા 178 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાત જાયન્ટ્સે 19 ઑવર ત્રણ બૉલમાં પાંચ વિકેટે આ લક્ષ્યાંક હાંસલ કરી વિજય મેળવ્યો હતો.

આ પહેલા બેટિંગ કરતાં દિલ્હી કૅપિટલ્સે નિર્ધારિત 20 ઑવરમાં પાંચ વિકેટે 177 રન બનાવ્યા હતા. ટીમ માટે મૅગ લૈનિંગે 57 બૉલમાં 92 રન બનાવ્યાં હતાં. જ્યારે ગુજરાત જાયન્ટ્સ માટે હરલીન દેઓલે 49 બૉલમાં અણનમ 70 રનનું યોગદાન આપ્યું હતું. ગુજરાત જાયન્ટ્સ માટે મેઘના સિંહે ત્રણ વિકેટ લીધી હતી. દરમિયાન હરલીન દેઓલને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયાં હતાં.

# AMDAVAD AIRPORT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ ગઈકાલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક પર ઉડાન યાત્રિ કાફેનું ઉદ્ઘાટન કર્યું હતું. દેશભરના હવાઈમથક પર મુસાફરોની સુવિધાઓ વધારવાની સરકારની પહેલમાં તે મહત્વનું સીમાચિહ્નરૂપ છે. આ કાફેમાં મુસાફરોને 10 રૂપિયાથી શરૂ થતાં નાસ્તાની સુવિધા અપાશે.

અદાણી ઍરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના ડિરેક્ટર જીત અદાણીએ જણાવ્યું, અમદાવાદ હવાઈમથક પર મુસાફરોને રાહત દરે નાસ્તાની સુવિધા પૂરી પાડનારું આ દેશનું પ્રથમ ખાનગી હવાઈમથક છે.